કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ

## રાજ્યમાં વધુ ૬૦૨૧ નવા કેસ : ગાંધીનગરમાં ૧૦૬ : અમદાવાદમાં ૧૯૩૩








પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨ | ૧૩ એપ્રિલ, ૨૦૨૧, મંગળવાર; ચૈત્ર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ગુજરાતમાં દર મિનિટે પાંચને કોરોના

### રાજ્યમાં ૨૪ કલાકમાં ૬૦૨૧ નવા કેસ અને ૫૫ના મોત : હજુ સુધી કુલ ૩૧૫૧૨૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : અમદાવાદમાં ૧૯૩૩ કેસ : બે કલાકે એકનું મોત

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૬૦૨૧ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૬૦૨૧ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૨૮૫૪ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૧૭,૯૮૧ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૮૯.૯૫ ટકાએ પહોંચ્યો હતો.

અત્યાર સુધીમાં ૮૨,૩૭,૩૬૭ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૧૧,૧૨,૬૭૮ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૯૩,૫૦,૦૪૫ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૧,૭૩,૧૯૬ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૪૨,૫૫૮ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૩૦,૬૮૦ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૨૧૬ લોકો વેન્ટિલેટર પર છે અને ૩૦,૪૬૪ લોકો સ્ટેબલ છે. ૩,૧૭,૯૮૧ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૪૮૫૫ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે ૫૫ લોકોનાં દુખદ નિધન થયા છે. અમદાવાદ કોર્પોરેશન ૨૦, સુરત કોર્પોરેશન ૧૭, વડોદરા કોર્પોરેશન ૭, રાજકોટ કોર્પોરેશન ૪, રાજકોટ ૨, ભરૂચ ૧, બોટાદ ૧, સાબરકાંઠા ૧, સુરતમાં ૧ આ પ્રકારે કુલ ૫૫ લોકોનાં મોત નિપજ્યાં છે.

## રામ મંદિરના પાયા ભરાવવાનું કામ શરૂ

અયોધ્યા,તા.૧૨

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં ચાલી રહેલી રામ મંદિર નિર્માણ સમિતિની બે દિવસીય બેઠક સંપૂર્ણ પૂર્ણ થઈ છે. આ મહત્વપૂર્ણ બેઠક બાદ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે જણાવ્યું, રામ મંદિર માટે પાયા ભરાવવાનું કામ શરૂ થઈ ગયું છે. રામ મંદિરના પાયામાં હવે મટિરિયલ ભરવામાં આવશે. આ દરમિયાન મટિરિયિલની એક-એક ફૂટ મોટી મજબૂત લેયર બનાવીને પાયાનું નિર્માણ થશે.

# દેશમાં એક્ટિવ કેસ ૧૨ લાખને પાર

### કોરોનાના ૭૦ ટકાથી વધુ કેસ ફક્ત પાંચ રાજ્યોમાંથી : મહારાષ્ટ્ર બાદ હવે ગુજરાત, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, કેરળ, તામિલનાડુ, બિહાર અને ઉત્તરાખંડમાં પણ કોરોના ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે

નવી દિલ્હી,તા.૧૨

કોરોના વાયરસની બીજી લહેર દેશમાં કહેર બનીને પોતાનો આતંક વરસાવી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં જ્યાં દેશમાં કોરોનાના એક દિવસમાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે ત્યાં બીજી તરફ મહારાષ્ટ્ર અને દિલ્હીમાં પણ કોરોનાએ તમામ રેકોર્ડ તોડ્યા છે. કોરોનાના ૭૦ ટકા કરતા વધુ કેસ તો ફક્ત પાંચ જ રાજ્યોમાંથી છે. જેમાં મહારાષ્ટ્ર, છત્તીસગઢ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને કેરળ સામેલ છે. આ ઉપરાંત ગુજરાત અને મધ્ય પ્રદેશમાં પણ કોરોના તીવ્ર ઝડપ પકડી રહ્યો છે. વિધાનસભા ચૂંટણી દરમિયાન પ. બંગાળમાં પણ કોરોના વધવાનો શરું થઈ ગયો છે. વર્લ્ડોમીટર અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧.૭૦ લાખ જેટલા નવા કેસ આવ્યા છે. જે અત્યાર સુધી એક દિવસમાં કોરોના કેસના સૌથી વધુ છે. તો આ દરમિયાન લગભગ ૯૦૦ લોકોના મોત પણ થાય છે. સતત દિવસે દિવસે વધી રહેલા કોરોના કેસના કારણે એક્ટિવ કેસની સંખ્યા પણ વધી ગઈ છે. દેશમાં શનિવારે ૧૦ લાખને પાર પહોંચેલા એક્ટિવ કેસ બે જ દિવસમાં વધીને સોમવાર સુધીમાં ૧૨ લાખને પાર થઈ ગયા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧ લાખ ૭૦ હજાર લોકો કોરોનાના કારણે જીવ ગુમાવી ચૂક્યા છે. મહારાષ્ટ્રમાં કોરોનાએ અજગર ભરડો લીધો હોય તે દરરોજ નવા રેકોર્ડ બની રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૬૩૨૯૪ નવા કેસ સામે આવ્યા છે. જે અત્યાર સુધીમાં એક દિવસમાં આવેલા નવા કેસના આંકડામાં સૌથી વધુ છે. રાજ્યમાં મુંબઈ પછી પુણેમાં પણ સ્થિતિ ખૂબ જ ખરાબ છે. પુણે જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૩૭૭ નવા કોરોના કેસ

● અનુસંધાન પાના - ૭ પર

## દિલ્હીના સ્મશાનોમાં ભારે ભીડ

દિલ્હી-મુંબઈ જેવા મોટા શહેરો બાદ હવે દેશના બાકીના હિસ્સામાં પણ કોરોનાનો કહેર વધી રહ્યો છે. ઝારખંડમાં પણ કોરોના વાયરસનો પ્રકોપ ખૂબ જ બેકાબૂ થઈ રહ્યો છે. એક તરફ સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ભારે વધારો થઈ રહ્યો છે તો સાથે જ મૃતકઆંક પણ રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે. ઝારખંડમાં સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે, હોસ્પિટલમાં દાખલ કરાવવાથી લઈને સ્મશાન ઘાટ સુધી વેઈટિંગ જોવા મળી રહ્યું છે.

### મોડી સાંજે રાજ્ય સરકારના મહત્ત્વના નિર્ણયો

## એપ્રિલ-મેના તહેવારોની ઉજવણી બંધ, સરકારી ઓફિસમાં ૫૦ ટકા હાજરી : રૂપાણી

૧. ગુજરાત સરકારે છેલ્લા એક વર્ષમાં કોરોનાને નિયંત્રણમાં લેવા અનેક નિર્ણય કર્યા છે. કર્મચારીઓ પણ કોરોનાગ્રસ્ત થયાં છે અને જીંદગી પણ ગુમાવી છે.

૨. ગુજરાતમાં ૨૭૦૦૦ લોકો સારવાર લઈ રહ્યાં છે. રેમડેસિવિર ઈન્જેક્શનની ઉપલબ્ધિ કરી છે. સરકારી હોસ્પિટલમા મફત આપ્યાં છે. માર્ચમાં ૨૦૮૦૦ ઈન્જેક્શન હોસ્પિટલમાં આપ્યાં છે. એક લાખ બજારમાં આપ્યા હતા.

૩. એપ્રિલમાં ૨૧૪૦૦૦ ઈન્જેક્શન આપ્યાં છે. સવા લાખ હોસ્પિટલમાં આપ્યાં છે. આજે આખા દેશમાં રેમડેસિવિરની મુશ્કેલી છે. ઓછી ફેક્ટરી બનાવે છે. પ્રોસેસ ૧૫ દિવસની છે.

૪. ગુજરાતમાં રોજના ૫૦૦૦૦ ઈન્જેક્શન ભેગા કરવામાં આવે છે. જિલ્લાકક્ષાએ આપ્યાં છે તેનું રજીસ્ટર સરકારે રાખ્યું છે.

૫. કેડિલાને અભિનંદન છે. અમદાવાદમાં તે પોતે ઉત્પાદન કરે છે અને લોકોને આપે છે. આ ઈન્જેક્શન પ્રત્યેક દર્દી માટે નથી. શ્વાસની તકલીફ થાય તેમના માટે છે.

૬. સરકારે પ્રાયોરિટી નક્કી કરી છે અને તમામને આપવામાં આવે છે. કેસ વધતા જાય છે. આશા રાખીએ કે ઝડપથી કન્ટ્રોલ થાય. કેસ વધે તો રિસોર્સિંગમાંથી યોગ્ય ઉપયોગ કરવામાં આવે.

૭. ડોક્ટરોને વિનંતી છે કે જરૂર ન હોય તો ઈન્જેક્શન લખી ન આપે.

૮. ૧૫ દિવસમાં ૧૫૦૦૦થી વધુ બેડ ઉભા કર્યા છે. અમદાવાદમાં ૧૧૦૦૦ કાર્યરત છે અને બીજા બેડ ઉભા કરી રહ્યાં છીએ. નવી હોસ્પિટલો પણ એક્વાયર કરી રહ્યાં છીએ.

૯. અમદાવાદમાં ૧૦૦ ડોમ ઉભા કર્યા છે અને ટેસ્ટની સંખ્યા વધારી છે. રૂપિયા લીધા વિના રોજના ૩૦૦૦૦ ટેસ્ટ થાય છે. રાજ્યમાં રોજના ૧.૩૦ લાખ ટેસ્ટ થાય છે.

૧૦. અમદાવાદમાં ૧૫૦ ધનવંતરી રથ ચાલી રહ્યાં છે. ૧૦૪ નંબરની સંખ્યા વધારી છે. ૧૫૦૦૦ સંજીવની રથ પણ ઘરે જઈને સારવાર કરે છે.

૧૧. અમદાવાદ, વડોદરા અને સુરતમાં બેડની સંખ્યા વધારી છે. સુરતમાં ૨૦૦૦૦ બેડ ઉભા કર્યા છે. નર્સની નવી ભરતી પણ કરી છે.

૧૨. આરટીપીસીઆરના ટેસ્ટની સંખ્યા વધારી છે. ૨૪ કલાકમાં રિપોર્ટ મળે છે. રાજ્યમાં પ્રતિદિન ૬૦૦૦૦ ટેસ્ટ થાય છે.

૧૩. બેડની સાથે ઓક્સિજનની માંગ વધી ગઈ છે. ૭૦ ટકા હોસ્પિટલો માટે રિઝર્વ છે. ૬૦૦ટનનો વપરાશ થયો છે.

૧૪. ૨૦ શહેરોમાં કરફ્યુ જાહેર કર્યો છે હવે સરકારી અને અર્ધ સરકારી ઓફિસોમાં ૫૦ સ્ટાફ કામમાં રહેશે. ૩૦ એપ્રિલ સુધી શૈક્ષણિક કાર્ય બંધ કર્યું છે. લગ્નમાં ૫૦ વ્યક્તિથી વધારે હાજર નહીં રહી શકે. રાજકીય, સામાજીક, ધાર્મિક કાર્યક્રમો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૧૫. એપ્રિલ અને મે માસના તમામ તહેવારો પર ઉજવણી પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૧૬. માસ્કની કડક કાર્યવાહી કરવામાં આવી છે. કન્ટેનમેન્ટ ઝોન પણ વધાર્યા છે. ગુજરાતનો રિકવરી રેટ ૯૫ ટકા છે. લોકોએ ચિંતા કરવાની જરૂર નથી. ભય પણ રાખવો નહીં.

# રશિયાની સ્પુટનિક વી રસીને ભારતની મંજૂરી

### કોવિશિલ્ડ-કોવાક્સિનને જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં અગાઉ મંજૂરી મળી હતી, દેશમાં ત્રીજી વેક્સિનનો પ્રવેશ

નવી દિલ્હી, તા. ૧૨

ભારતમાં કોરોના વાયરસની વધુ એક રસીને મંજૂરી આપવામાં આવી છે. રશિયામાં વિકસિત કોવિડ -૧૯ રસી સ્પુટનિક વીને સરકારની પેનલ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. દેશમાં આ રસીનું ફેઝ ૩ ટ્રાયલ ચાલી રહ્યું છે. તેમ છતાં વિશ્વમાં નિયમનકારી મંજૂરી મેળવવા માટે આ પહેલી રસી હતી, પરંતુ અન્ય દેશોએ અજમાયશી પૂરતા ડેટાના અભાવે તેને વધારે મહત્વ આપ્યું ન હતું. ભારતમાં કોવિશિલ્ડ અને કોવાક્સિન નામની બે કોરોના વાયરસ રસીઓને જાન્યુઆરી ૨૦૨૧ના પહેલા અઠવાડિયામાં મંજૂરી મળી ગઈ છે. સ્પુટનિક વી, કોવિશિલ્ડ અથવા કોવાક્સિનથી કેટલી જુદી છે એના પર એક નજર નાખવા જેવી છે. ફેઝ૩ ટ્રાયલના વચગાળાના પરિણામોમાં સ્પુટનિક વી રસીનો પ્રભાવ ૯૧.૬% હોવાનું જાણવા મળ્યું છે.




ભારત બાયોટેકની કોવિક્સિનને ફેઝ ૩ ક્લિનિકલ ટ્રાયલમાં ૮૧% નો પ્રભાવ મળ્યો. સીરમ સંસ્થાની કોવિશિલ્ડનો પ્રભાવ ૬૨% હતો.

જો કે જ્યારે દોઢ ડોઝ આપવામાં આવે ત્યારે પ્રભાવ ૯૦% સુધી પહોંચ્યો. કોવિશિલ્ડના બે ડોઝ ૪-૮ અઠવાડિયાના અંતરાલ પર આપવામાં આવે છે. તેને સંગ્રહિત કરવા માટે તાપમાન (શૂન્યથી ઓછું) જરૂરી નથી.

● અનુસંધાન પાના - ૭ પર

# સુપ્રીમ કોર્ટમાં ૫૦% સ્ટાફ કોરોનાથી સંક્રમિત

કડક ચકાસણી અને સંપૂર્ણ ધ્યાન રાખવા છતાં સુપ્રીમ કોર્ટમાં કોરોના બોમ્બ ફાટ્યો છે. અહીં ૫૦% એટલે કે અડધા અડધ સ્ટાફને કોરોનાનો ચેપ લાગ્યો છે. હવે આ પછી નિર્ણય લેવામાં આવ્યો છે કે જજ તેમના તેમના ઘરેથી વીડિયો લિંકથી કાર્યવાહી કરશે.

સુપ્રીમ કોર્ટનું પટાંગણ અને કોર્ટરૂમને સેનિટાઈઝ કરવામાં આવ્યા છે, નક્કી સમય કરતા કોર્ટની કાર્યવાહી મોડી શરુ કરાશે એટલે કે કાર્યવાહી ૧૦:૩૦ કે ૧૧:૩૦એ કરવામાં આવશે. હવે કોરોનાના કેસ જે રીતે વધી રહ્યા છે તેને જોતા કાળજી લેવાનું વધારી દેવામાં આવ્યું છે, કોર્ટના ઘણાં સ્ટાફ અને તેમના પરિવારના સભ્યોને કોરોના થતાં સીજેઆઈ અને અન્ય જજો દ્વારા કાળજી વધારવા અંગે જણાવવામાં આવ્યું છે, કારણ કે પાછલા વર્ષે સ્થિતિ વણસવાના કારણે સુપ્રીમ કોર્ટના ૬ જજને કોરોનાનો ચેપ લાગ્યો હતો.

કોરોનાના કેસમાં વધારો થતા ફરી સ્ટાફ અને જજો દ્વારા વધુ કાળજી લેવાની જરુરિયાત ઉભી થઈ છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેસોની સુનાવણી થઈ શકે તે માટે સુપ્રીમ કોર્ટની ઈ-કમિટીના હેડ જસ્ટીસ ડીવાય ચંદ્રચુડ દ્વારા ૧૬૦૦ વીડિયો લિંક ખરીદવામાં આવશે, આ સાથે સુનાવણી દરમિયાન કોઈ અચડણ ઉભી ના થાય તે માટે પુરતા પ્રમાણમાં બેંડવિડ્થ અને લિંક પણ ઉપલબ્ધ કરાવાશે.

## મહારાષ્ટ્રમાં ખુરશી ઉપર ઓક્સિજન આપવો પડે છે

નવી દિલ્હી, તા. ૧૨

ગુજરાતનુ પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર પણ કોરોનાના કહેરના કારણે બેહાલ થઈ ગયુ છે. અહીંની હોસ્પિટલોમાં પણ જગ્યાના અભાવે દર્દીઓને ખુરશી પર બેસાડીને ઓક્સિજન અપાતો હોવાના દ્રશ્યો જોવા મળ્યા છે.

મહારાષ્ટ્રમાં કોરોનાના સૌથી વધારે દર્દીઓ સામે આવી રહ્યા છે.આ સંજોગોમાં હવે હોસ્પિટલોમાં બેડની અછત સર્જાઈ રહી છે.ઉસ્માનબાદમાં તો પલંગોની જગ્યાએ દર્દીઓને ખુરશી પર બેસાડીને ઓક્સિજન સપોર્ટ આપવામાં આવી રહ્યો છે.દર્દીઓની હાલત બદતર છે.કેટલાકને તો વ્હીલ ચેર પર બેસાડવામાં આવ્યા છે.

# રશિયા-યુક્રેન વચ્ચે તણાવથી યુરોપમાં યુદ્ધ જેવો માહોલ

મોસ્કો, તા. ૧૨

રશિયા અને યુક્રેન વચ્ચે વધી રહેલા તનાવના પગલે દુનિયાના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. કોરોના મહામારી બાદ યુરોપ માટે એક વધુ ટેન્શન ઉભુ થયુ છે. સમગ્ર યુરોપને અત્યારે હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યુ છે. રશિયા અને યુક્રેન વચ્ચેનુ ટેન્શન વધુ એક મોટા યુધ્ધનુ કારણ બની શકે છે. કારણકે રશિયાએ સીમા પર સૈનિકો અને શસ્ત્રોની તૈનાતી વધાર્યા બાદ અમેરિકા સહિતના યુરોપના દેશો યુક્રેનની તરફેણમાં આવ્યા છે. અમેરિકાએ પોતાના લડાકુ વિમાનોને રશિયાના પાડોશી દેશ નોર્વેમાં મોકલી આપ્યા છે.

બીજી તરફ ફ્રાંસે પણ યુક્રેનના સમર્થનમાં તૈયારીઓ તેજ કરી છે. ફ્રાન્સે પોતાની વાયુસેનાના રાફેલ અને મિરાજ ૨૦૦૦ વિમાનોની કવાયત પણ કરી છે. જેમાં આ વિમાનો થકી પરમાણુ બોમ્બ લઈ જતી મિસાઈલોનુ ટેસ્ટિંગ કરવામાં આવ્યુ હતુ. જોકે ફ્રાંસનુ કહેવુ છે કે, દર ચાર વર્ષે આ પ્રકારની કવાયત વાયુસેના કરતી હોય છે.





